લોક સંવાદ સેતુ તા. ૦૨/૦૪/૨૦૧૬

તાલુકો – રાજકોટ જી. રાજકોટ

| | |
|---|---|
| | પ્રશ્ન ક્રમાંક : ૩૬ |
| અરજદારનું નામ – સરનામું : વિક્રમભાઈ અરજણભાઈ હુંબલ<br>મુ. પરા પીપળીયા તા./જી. રાજકોટ | કચેરી : પી.જી.વિ.સી.એલ. ગ્રામ્ય વિભાગીય કચેરી – રાજકોટ<br>ફોન. નં. ૦૨૮૧-૨૨૩૧૬૭૨ |

| અરજી/રજૂઆતની વીગત | વિભાગે કરેલ કાર્યવાહી/પ્રત્યુતર | વિશેષ નોંધ |
|---|---|---|
| પરાપીપળીયા પ્રાથમિક શાળા પરથી પસાર થતી એગ્રીકલ્ચરની ૧૧ કે.વિ. ની ટ્રાન્સમીશન લાઈન ફેરવવા બાબત. | પરાપીપળીયા ગામે આવેલ પ્રાથમિક શાળાનાં આગળના ભાગે જાહેર રસ્તા પરથી ૧૧ કે.વિ. રાજદાણ ખેતીવાડી વીજ લાઈન પસાર થાય છે, જે લાઈનનાં વાયર સ્કુલનાં કમ્પાઉન્ડની દીવાલથી ૭ ફૂટ દુર સલામત અંતરે આવેલ છે. જે સેન્ટ્રલ ઇલેક્ટ્રિસિટી એક્ટ -૨૦૧૦ના ક્લોઝ નંબર ૬૧(૩) I મુજબ વસાહતની દીવાલથી ૧૧ કેવી લાઈનના નજીકના તારથી આડું અંતર ૧.૨ મીટર હોવા જોઈએ તેનાથી આ અંતર વધારે છે આમ લાઈન ફેરવવાની કોઈ જરૂરીયાત રહેતી નથી. ઉપરાંત જણાવવાનું કે વધુ સલામતી અર્થે ગાર્ડીંગ કરવાની કામગીરી તા. ૦૫.૦૧.૨૦૧૬ ના રોજ પીજીવીસીએલ દ્વારા કરવા જતા ગામની અમુક વ્યક્તિ દ્વારા આ કામગીરી કરવા દીધેલી ન હતી. | |

કાર્યપાલક ઇજનેર

ગ્રામ્ય વિભાગીય કચેરી – રાજકોટ

લોક સંવાદ સેતુ તા. ૦૨/૦૪/૨૦૧૬ - તાલુકો – પડધરી જી. રાજકોટ

| | | |
|---|---|---|
| | પ્રશ્ન ક્રમાંક : ૩૬ | |
| અરજદારનું નામ – સરનામું : ભરતભાઈ કરમશીભાઈ ચાડણીયા<br>મુ. ખંભાળા તા. પડધરી જી. રાજકોટ | કચેરી : પી.જી.વિ.સી.એલ. ગ્રામ્ય વિભાગીય કચેરી – રાજકોટ<br>ફોન. નં. ૦૨૮૧-૨૨૩૧૬૭૨ | |
| અરજી/રજૂઆતની વીગત | વિભાગે કરેલ કાર્યવાહી/પ્રત્યુતર | વિશેષ નોંધ |
| અમો અરજદાર ખંભાળા મુકામે રહીએ છીએ તેમજ ખંભાળા ગામે રહેણાંક હેતુ માટેનું ગ્રાહક નં. ૮૯૭૨૯/૦૦૨૩૬/૩ થી મારા દાદા શ્રી લવજીભાઈ કેશાભાઈનાં નામે ધરાવીએ છીએ તેમજ અમો રેગ્યુલર રીતે બીલો ભરપાઈ કરેલ છે, તેમ છતાં અમો અરજદારને તા. ૦૯/૦૩/૨૦૧૬ ના રોજ અમારા રહેણાંક સ્થળ ઉપર ચેકીગ આવતા અમારા આ ઉપરોક્ત ગ્રાહક નં.વાળા મીટરનાં સીલ તમે તોડી અને મારા ધર્મપત્ની રંજન ભરતભાઈ ચાડણીયાને તમે આ મીટર ગેરરીતીએથી લાઈટ વાપરો છો, પી.જી.વિ.સી.એલ. કંપની દ્વારા રોણકી ઓફીસના દ્વારા ઘર વપરાશ કનેક્શન ગેરરીતિથી ચેકિંગ કરી ખોટી રીતે કામ ચલાઉ બિલ આપવા બાબત | તા. ૦૯.૦૩.૨૦૧૬ નાં રોજ જી.યુ.વિ.એન.એલ. દ્વારા આયોજિત ચેકિંગ પ્રોગ્રામ મુજબ ખંભાળા ગામ તથા તેની આજુબાજુ ના ગામમાં ચેકિંગ કરવામાં આવેલ જેમાં ખંભાળા મુકામે લવજીભાઈ કેશાભાઈ ચાડણીયા, ગ્રા.નં. ૮૯૭૨૯/૦૦૨૩૬/૩ નું રહેણાંક માટે નું વીજ કનેક્શન ચેક કરવામાં આવેલ. ચેકીંગ સીટ નં. પી.બી.આર. ૧૪૧૧ તા. ૦૯.૦૩.૨૦૧૬ મુજબ ચેકીંગ સમયે સ્થળ ઉપર રંજનબેન ભરતભાઈ ચાડણીયા હાજર હતા તેમની હાજરીમાં સદર વીજ જોડાણ ચેક કરતા મીટર પેટી પર લાગેલ સીલને સીલ વાયરને કાપી ને ટેમ્પર કરેલ છે જેથી પેટીનું ઢાકણ ખોલી ને જોતા ટર્મિનલ કવર પર લાગેલ સીલ પણ ટેમ્પર હતા. જેની વધુ તપાસ કરતા વીજ મીટર નાં ટર્મિનલ બ્લોકમાં મેઈન તથા લોડ સાઈડનાં ફેઇઝમાં સ્પાર્કીગનાં સ્પષ્ટ નિશાન છે. આમ બિન અધિકૃત રીતે વીજ વપરાશ કરી શકાય તેવી કાયમી વ્યવસ્થા કરેલ હોય, રોણકી પેટા વિભાગીય કચેરી દ્વારા વીજ અધિનિયમ ૨૦૦૩ની કલમ મુજબ ૧૨૬ હેઠળનું કામચલાઉ આકરણી બિલ તા. ૧૧.૦૩.૨૦૧૬ નાં રોજ બિલ સપ્લાય કોડના પ્રોવીઝન મુજબ નિયમાનુસાર આપવામાં આવેલ છે. | |

કાર્યપાલક ઇજનેર
ગ્રામ્ય વિભાગીય કચેરી – રાજકોટ

લોક સંવાદ સેતુ તા. ૦૨/૦૪/૨૦૧૬

તાલુકો – પડધરી જી. રાજકોટ

| | | |
|---|---|---|
| | | પ્રશ્ન ક્રમાંક : ૪૨ |
| અરજદારનું નામ – સરનામું : શ્રી બેચરભાઈ બીજલભાઈ ડાંગર<br>અધ્યક્ષશ્રી સામાજિક ન્યાય સમિતિ તાલુકા પંચાયત પડધરી<br>મુ. પડધરી તા. પડધરી જી. રાજકોટ | | કચેરી : પી.જી.વિ.સી.એલ. ગ્રામ્ય વિભાગીય કચેરી – રાજકોટ<br>ફોન. નં. ૦૨૮૧-૨૨૩૧૬૭૨ |

| અરજી/રજૂઆતની વીગત | વિભાગે કરેલ કાર્યવાહી/પ્રત્યુતર | વિશેષ નોંધ |
|---|---|---|
| નાની-મોટી ચણોલ ગામે ગરીબો માટેનાં ૧૦૦ ચો. વાર ગામતળ આવેલ છે, અને એ ગામતળ ૧૯૮૨ માં મંજુર થયેલ છે, ત્યાં વસવાટ પ્લોટ પર ૨૦૦૮-૨૦૧૨ વર્ષ દરમ્યાન પી.જી.વી.સી.એલ. વિદ્યુત બોર્ડ દ્વારા ૧૧ કે.વિ. હેવી વીજ લાઈન પસાર કરવામાં આવેલ છે, જે ત્યાં વસવાટ કરતા ગરીબ લોકો નાં મકાન પરથી ૧૧ કે.વિ. ઇલેક્ટ્રીક લાઈન રહેણાંક વસવાટ ઉપરથી પસાર થતી હોય બદલવા બાબત. | નાની-મોટી ચણોલ ગામે ગરીબો માટેનાં ૧૦૦ ચો.વાર ગામતળમાં આવેલ છે, જે ગામતળ ૧૦૦ ચો.વાર. વસવાટ પ્લોટ માંથી પસાર થતી પી.જી.વી.સી.એલ.ની ૧૧ કે.વી. લાઈન ખસેડવા માટેના આધાર પુરાવા તા. ૦૨.૦૩.૨૦૧૬નાં રોજ અરજદારશ્રી દ્વારા રજુ કરવામાં આવતા ફેરવવાને પાત્ર થતી લાઈન જરૂરી મંજૂરી મળ્યા બાદ લાઈન બદલવાનું કામ પડધરી પેટા વિભાગીય કચેરી દ્વારા શરૂ કરવામાં આવેલ છે. જે કામ ૧૫.૦૪.૨૦૧૬ સુધીમાં પડધરી પેટા વિભાગીય કચેરી દ્વારા પૂર્ણ કરવામાં આવશે. | |

કાર્યપાલક ઇજનેર

ગ્રામ્ય વિભાગીય કચેરી – રાજકોટ

લોક સંવાદ સેતુ તા. ૦૨/૦૪/૨૦૧૬

તાલુકો – પડધરી જી. રાજકોટ

| | | |
|---|---|---|
| | | પ્રશ્ન ક્રમાંક : ૪૫ |
| અરજદારનું નામ – સરનામું : શ્રીમતી કાન્તાબેન લાલજીભાઈ સોજીત્રા<br>સદસ્ય તાલુકા પંચાયત, પડધરી<br>મુ. મેટોડા તા. પડધરી જી. રાજકોટ | | કચેરી : પી.જી.વિ.સી.એલ. ગ્રામ્ય વિભાગીય કચેરી – રાજકોટ<br>ફોન. નં. ૦૨૮૧-૨૨૩૧૬૭૨ |

| અરજી/રજૂઆતની વીગત | વિભાગે કરેલ કાર્યવાહી/પ્રત્યુતર | વિશેષ નોંધ |
|---|---|---|
| પી.જી.વિ.સી.એલ. પડધરી કે જે પડધરી તાલુકાનું મોટું ડીવીઝન આવેલ છે. જેમાં ગ્રાહકો વધારે હોય તેમજ કામકાજ પણ વધારે રહેતું હોય પૂરતું કામ સમયસર થઇ શકતું નથી. જેથી પડધરી સબ ડિવિજન માંથી તરઘડી સબ ડિવિજન બનાવવામાં આવે તો સબ ડિવિજન, પડધરી કામ ઓછુ થાય અને કામ પણ સમયમર્યાદા માં પૂર્ણ થઈ શકે. તો પી.જી.વિ.સી.એલ. પડધરી ડિવિજન માંથી તરઘડી સબ ડિવિજન બનાવવા બાબત. | પેટા વિભાગીય કચેરીના વિભાજનના માપદંડો અને નીતિનિયમોની ચકાસણી કરતા, પડધરી પેટા-વિભાગીય કચેરીના આ તમામ માપદંડો પી.જી.વિ.સી.એલ. ના પરિપત્ર નંબર પી.જી.વિ.સી.એલ./એચ.આર.-૨/ટેક-એચ.આર./૫૬૮૯ તા. ૧૬.૦૬.૨૦૧૫ મુજબ પરિપૂર્ણ થતા ન હોવાથી હાલમાં પડધરી પેટા વિભાગીય કચેરી નું વિભાજન તાંત્રિક રીતે કરી થઇ શકાય તેમ નથી | |

કાર્યપાલક ઇજનેર

ગ્રામ્ય વિભાગીય કચેરી – રાજકોટ

લોક સંવાદ સેતુ તા. ૦૨/૦૪/૨૦૧૬

તાલુકો – પડધરી જી. રાજકોટ

| | |
|---|---|
| | પ્રશ્ન ક્રમાંક : ૫૨ |
| અરજદારનું નામ – સરનામું : શ્રી જયંતીલાલ દેવરાજભાઈ લુણાગરીયા<br>મુ. સરપદડ તા. પડધરી જી. રાજકોટ | કચેરી : પી.જી.વિ.સી.એલ. ગ્રામ્ય વિભાગીય કચેરી – રાજકોટ<br>ફોન. નં. ૦૨૮૧-૨૨૩૧૬૭૨ |

| અરજી/રજૂઆતની વીગત | વિભાગે કરેલ કાર્યવાહી/પ્રત્યુતર | વિશેષ નોંધ |
|---|---|---|
| પડધરી તાલુકાના સરપદડ ગામે સર્વે નં. ૫૭૬ જમીન એકર ૧-૪૭-૭૧ માં ખેતીવાડી કનેક્શન ૫ હોર્સ પાવર નાયબ ઇજનેર પી.જી.વિ.સી.એલ. પડધરી તા. ૧૪-૩-૨૦૧૬ ના પત્ર નં. ડી.ઈ. ટેક-૧૩૯૪ ના પત્રથી અમારૂ કનેક્શન મંજુર થયેલ છે. અમો પડધરી જી.ઈ.બી.ની ઓફિસે જતા ઓફીસ તરફથી જણાવેલ કે સંદીપ જયંતિલાલ ના નામે વીજબિલ રૂ. ૧૬૧૮૮ બાકી હોય જેથી આપને કનેક્શન મળી શકે નહિ. ખરેખર સંદીપ જયંતીલાલ ના નામે પડધરી તાલુકામાં કે સરપદડ ગામે કોઈ વીજ કનેક્શન ઘર ઘરાઉ કે ખેતીવાડી વીજ કનેક્શન ધરાવતો નથી. તેમજ સંદીપ જયંતીલાલ ના નામે કોઈ વીજ બિલ બાકી નથી તેમ છતાં મારા નામે મંજુર થયેલ ખેતીવાડી વીજ કનેક્શન જી.ઈ.બી. પડધરી તરફ થી આપવામાં આવેલ નથી. | પી.જી.વી.સી.એલ. પડધરી પેટા વિભાગીય કચેરી માં સરપદડ ગામ ના શ્રી જયંતીલાલ દેવરાજભાઈ લુણાગરીયા એ રસીદ નં. ૭૦૬૭૪૭ તા. ૧૪.૧૨.૨૦૦૯ ના રોજ રૂ. ૨૦૦ ભરપાઈ કરી ને સર્વે નં. ૫૭૬ માં ૫.૦ હોર્સ પાવર માટે ખેતીવાડી નવા વીજ કનેક્શન માટે અરજી કરેલ છે. હાલમાં પડધરી પેટા વિભાગીય કચેરીમાં નવા ખેતીવાડી વીજ કનેક્શન આપવા માટે રજીસ્ટર ક્રમાંક નં. ૧૬૧૧ તા. ૦૪.૦૨.૨૦૦૯ સુધીની કાર્યવાહી કરવામાં આવેલ છે, જયારે જયંતીલાલ દેવરાજભાઈ લુણાગરિયા નો રજીસ્ટર ક્રમાંક ૨૧૭૩ તા. ૧૪.૧૨.૨૦૦૯ છે. આમ તેમના અગ્રતાક્રમ મુજબ કનેકશન આપવાની કાર્યવાહી નિયમાનુસાર કરવામાં આવશે. | |

કાર્યપાલક ઇજનેર

ગ્રામ્ય વિભાગીય કચેરી – રાજકોટ

]

# લોક સંવાદ સેતુ તા. ૨/૪/૨૦૧૬

તાલુકો- રાજકોટ જિ. રાજકોટ

પ્રશ્ન ક્રમાંક: ૧૭

| અરજદારનું નામ-સરનામુ: | સંબધિત વિભાગીય કચેરી: |
|---|---|
| અવિનાશભાઈ કરશનભાઇ ગોહેલ<br>ગામ: રફાળા તા.જિ.રાજકોટ | કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી<br>પી.જી.વી.સી.એલ.<br>વિભાગીય કચેરી , જસદણ. |

| અરજી/રજૂઆતની વિગત | વિભાગે કરેલ કાર્યવાહી/પ્રત્યુતર | વિશેષ નોંધ |
|---|---|---|
| અરજદારના ઘર પાસેના વિજથાંભલો ખરાબ થયેલ હાલતમાં હોય બદલવાની જરૂરીયાત જણાય છે. | તારીખ ૩૦-૩-૨૦૧૬ ના રોજ રફાળા ગામે સ્થળ મુલાકાત લઈને સદર થાંભલો બદલવાની કામગીરી નું તાંત્રિક મૂલ્યાંકન કરીને તા. ૩૧-૩-૨૦૧૬ ના રોજ આ થાંભલો બદલાવવાની કામગીરી પૂર્ણ કરેલ છે. | |

કાર્યપાલક ઇજનેર
પીજીવીસીએલ
વિભાગીય કચેરી
જસદણ